Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-3,December-2017

# ધરતી નું ધાવણ – લોકસાહિત્ય

ડૉ. જાગૃતિ એ. પટેલ

અધ્યાપક સહાયક – ગુજરાતી વિભાગ

આર્ટ્સ કૉલેજ, શામળાજી

**Email :** jagu772020@gmail.com

ધન્ય છે આ ધરતીની માટી ને ધન્ય છે આ જગતના જીવોનો મેળો. ગુજરાતી સાહિત્યમાં એક જ સમયે માટીની ધન્યતા અનુભવતા ઝવેરચંદ મેઘણી, પન્નાલાલ પટેલ અને ઈશ્વર પેટલીકર છે. ગરવી ગુજરાતના ભોગોલિક સીમાડા ને નાથતા: 'એક કાંકરે બે પક્ષી માર્યાની કળાને અવગત કરતા ' આ એક હેડીનાં ત્રણ સર્જકોએ પોતાના વતનપ્રદેશ પ્રત્યેની ધરબાયેલી લાગણીને અભિવ્યક્ત કરી પોતાની જીજીવિષા સંતોષવાની સાથે વિદ્વત્વ અને સર્જક્ત્વ પ્રાપ્ત કર્યું . મેઘાણી માટે 'આત્માનો અવાજ અને વતનનો સાદ' આ બે આભાષી તત્વોએ સાહિત્યની દુનિયા સર્જી આપી.તેમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

લોક્સાહિત્યની વાત કર્તા હોઈએ તો ગુજરાતી સાહિત્યમાં ઝવેરચંદ મેઘાણીનું નામ પહેલા આવે. મારે અહી પોતાને 'પહાડ નું બાળક ' તરીકે ઓળખાવનાર સોરઠી સાહિત્યકાર ઝવેરચંદ મેઘણીનાં લોકસાહિત્ય વિશે વાત કરવી છે. વતનની ધૂળનાં ઋણ કાજે સૌપ્રથમ તેમણે પત્રકારત્વમાં પગ માંડ્યા. પત્રકારત્વનું મહત્વ પણ ગાંધીજીના આવ્યા બાદ વધ્યું .આ પત્રકારત્વનો સૌથી વધુ ઉપયોગ મેઘાણીએ કર્યો અને તેમાં તેમણે લોકસાહિત્યનો મહિમા વણી લીધો. મેઘાણી આખા કાઠિયાવાડમાં ડુંગરે ડુંગરે, નેસડે-નેસડે, ઝુંપડે-ઝુંપડે, કસબે-કસબે ઘૂમી વળ્યા હતા અને જ્યાંથી પણ મળી આવે ત્યાંથી એ લુપ્ત થતું જતું મહામુલું લોકસાહિત્યનું ધન ગ્રંથસ્થ કરી લેવા અક્ષરબદ્ધ કરી લેવા અહોરત ઉત્સુક રહ્યા હતા. અનેક વિષયો અને લાગણીના પ્રવાહમાં સાહિત્ય વિભાજીત હતું તેવા સમયે મેઘાણીએ આત્મીયભાવથી લોકસાહિત્યને અપનાવ્યું.

મેઘાણી મુખ્યત્વે લોકસાહિત્યકાર છે. શિષ્ટસાહિત્ય સાથે લોકસાહિત્યને મૂકી સાંસ્કૃતિક પારંપરિક

વરસનું જતન કર્યું છે. તેમણે હમેશ સ્વીકાર્યું છે કે, " માત્ર લોકસાહિત્યની એક કલગી જ મારે બસ છે." તેમનો આ આરંભ 'સૌરાષ્ટ્રની રસધાર' ભાગ-૧ (૧૯૨૩) થી થાય છે. માત્ર લેખન માંથી – અનુભવમાંથી લોકસાહિત્યનો આસ્વાધ મેળવ્યો છે. સોરઠની વિશિષ્ટ વિભિન્ન પ્રજા જેવી કે ભાટચરણો, બારોટો, ભજનિકો, દરબાર, ગરાસીયા, કોળી, ગઠવી, વણઝારા, સાધુસંતો, બહારવટિયાઓ દરેકને મળી કંઠસ્થ લોકવાણીને શાસ્ત્રીય ઢબે લોકસાહિત્યમાં ઢાળી છે.

૧૯૨૩ થી શરૂ કરેલી લોકસાહિત્યની યાત્રા વચ્ચેનું એક ધામ ૧૯૩૯ ની 'સોરઠ , તારા વહેતા પાણી ' છે એમ કહી શકાય. આ પ્રકારનું આ નવલકથાની વિશેષ કોઈ સાહિત્યસર્જન તેમણે કર્યું નથી. પરંતુ લોકસાહિત્યને પ્રાદેશિક સાહિત્યની જ એક ધારા કહેવી જોઈએ. લોકસાહિત્યનો ઉદભવ લોકજીવનમાંથી થાય છે. તેની મહેકમાંથી જે તે પ્રદેશની ઓળખ અનુભવી શકાય છે. મેઘાણીએ આજીવન લોકસાહિત્યની પૂજા કરી અને પ્રતિષ્ઠા વધારી તેમના આરંભનાં તબક્કામાં જનતાના કવિ તરીકે ઉભર્યા. તેમની કવિતા લોકસાહિત્યની ચાનકે ચડેલી હતી. ગેયતા, લય તેમજ આરોહ-અવરોહ અને તળપદા ભાવાનો વિનિયોગ મેઘાણી પૂર્વે ન્હાનાલાલમાં મળે છે.ન્હાનાલાલ મેઘાણીનાં સમર્થ પુરોગામી કહેવાય. લોકગીતના ઢાળો અને લોકજીવનનાં દરેક ભાવો મેઘાણી પહેલા ન્હાનાલાલમાં મળે છે.

ધરતીનું ધાવણ, તે સંસ્કાર, તે બોલી, તે જીવન સોરઠનાં પલટાતા ઈતિહાસને અનુરૂપ વાતાવરણ છૂટાછવાયા જીવનચરિત્રોને મૂર્ત કરવું, 'સોરઠ તારા વહેતા પાણી' પૂર્વે કશું પ્રાપ્ત નથી, એટલે મેઘાણી પ્રાદેશિક નવલકથાનાં પ્રથમ પુરસ્કર્તા છે. મેઘાણીને લોકોમાં રસ રહ્યો, લોકો માટે સર્જન કર્યું, તે લોકહૃદયનાં સર્જક હતા. ધરતીની મહેકતી મીઠી ફોરમ મેઘાણીના સર્વ સર્જનનો લાક્ષણિક ગુણ છે. તેમણે લોકસાહિત્યને તેના મૂળરૂપમાં મુક્યું તેની પાછળ તેમનો ધ્યેય લોકસાહિત્યનાં દરેક સંસ્કારને ઝીલવાનો અને સંઘરવાનો રહ્યો છે ત્યાં મૂળ રસળતા અને ઢાળને સાચવતી ગેય રચના પદ્ય સ્વરૂપનું પ્રાધાન્ય સ્વીકાર્યું છે. તેમાં લોકગીતોના દસ સંગ્રહો મળે છે. ઉપરાંત વ્રતકથાઓ, સોરઠી ગીતકથાઓ સોરઠી બહારવટિયાઓના પરાક્રમોનો નિર્દેશ કરતો કથાઓ આપી. ઋતુ ગીતો , સોરઠી સંતવાણી, સોરઠીયા દુહા, કંકાવટી રૂપે ૪૬ વ્રતકથાઓ તે ઉપરાંત લોકસાહિત્ય શાસ્ત્રનાં પાંચ ગ્રંથો મળે છે.

'વેણીનાં ફૂલ' , 'ચુંદડી' અને 'લગ્નગીતો' 'રઢિયાળી રાત' નાં ત્રણ ભાગ દ્વારા લોકગીતો-હાલરડાં, બાળગીતો, ઋતુગીતો, વિનોદગીતો, પ્રેમગીતો, દામ્પત્યગીતો, કુટુંબજીવનના ભાવ ગાતા ગીતો તથા રાસડાઓ વગેરે તેમણે સંકલિત કર્યા છે.

ગુજરાતના પ્રેમાનંદ કે દયારામ, નર્મદ કે દલપતરામ અથવા તો ન્હાનાલાલ કે નરસિંહરાવ નામના જે કવિઓએ કાગળ અને કલમ લઈને રચ્યું , તે ગાનની આજે વાત થતી નથી ભલે એ આખું કવિમંડળ ચાહે તેટલા મધુર ગીત ગાઈ ગયું હોય. આજ તો એવા ગીતની વાત ના થાય છે કે જેના રચનારાએ કદી કાગળ અને લેખણ પકડ્યા નહી હોય. એ રચનારા કોણ તેની જ કોઈને ખબર નહી અને તેની કોઈ ભાઈ નહી લઇ શક્યું હોય એનું નામલોકગીત. જેમ ધરતીના કોઈ અગમ્ય પડમાંથી વહી આવતા ઝરણાનું મૂળ શોધી શકાયું નથી તેમ લોકગીતનું ઉત્પત્તિસ્થાન પણ મળતું નથી. તો આપણને પ્રશ્ન થાય કે આ લોકગીત કોણે ગાયા હશે ?

ગુજરાતનો લોકસમાજ ગાવા માટે તલસી ઉઠ્યો. એની કુંજોમાં જેમ પંખીઓ ટહુક્યા વિના ન રહી શક્યા તેમ ગુજરાત ની પ્રજા પણ ગયા વગર ન રહી શકી. એના દરજીએ ને મોચીએ સીવતા સીવતા ગાયું, ધોબીએ નદીની ભેખડો માંથી પડછંદા જગાવી પોતાના વસ્ત્ર ને ઘાએ ઘાએ ગીતના તાલ બાંધ્યા વણકરે શાળોનાં ખખડાટ સાથે પોતાના સ્વરો મેળવ્યા. ઘાંચીએ પોતાના બળદને પણ રાગે ચડાવી પારોણાનો પ્રહાર કે જીભનો ડચકારોયે કર્યા વિના ધકેલા પશુને પ્રોત્સાહિત કર્યો ટીપની ટીપનારે ગાતા ગાતા એવા ઉલ્લાસથી ટીપ્યું કે સો સો વરસ સુધી એ ધાબાઓની કાંકરીઓ નથી ખસી ખાણ ખોદનારાએ ત્રિકમના ઘા દેતા દેતા ગીત લલકાર્યા, મજુરોએ સુંડલા સારતાં સારતાં સુરો છેડીને માથા પરનો ભાર હળવો કર્યો. ગાડાવાળાએ પૈડાનાં કિચૂડ કિચૂડ અવાજ સાથે અવાજ મેળવ્યો . એ રીતે લોક્સમાજના ઉધામો અને ધંધાઓ પણ સંગીતાલયો બની ગયા. લોકોનું જીવન હળવું ફૂલ થઇ ગયું. પોતાના સંતાપોમાંથી લોકોએ આ ગીતો વાટે રાહત મેળવી.

અને લોકોના ઘર આંગણામાં એ ગીતો કેવી રીતે દાખલ થઇ ગયા ? તો ઘંટીએ દળતા ને છાશ ઘૂમાવતા સ્ત્રીઓએ પ્રભાતિયા છેડ્યા. સુતા અને ઝાટકતા સુરો લલકાર્યા નાથ બાવાઓ રાવણહથ્થા લઈને લઈને બટકું રોટલાથી રાજી થતા, ઉંબરે ઉંબરે ઈતિહાસનાં, વૈરાગ્યના કે પ્રેમનાં ગીતો ગાતા ગયા, શરણાઈ વાળાએ શરણાઈમાં, વાદીઓએ મોરલીમાં, ગોવાળોએ વાંસળીમાં અને ખેડૂતોએ પાવામાં એ બધા સ્વરોને ઉતારી લીધા.

`પરંતુ આજે તો એ વિશાળ –ગીત સૃષ્ટિના એક ખૂણાને જ આપણે તપાસીએ તો એ ખૂણો ગુર્જરી સ્ત્રીઓને ગાવાના રાસડા નામે ઓળખાતા ગીતોનો છે. ગુર્જર નારીએ કેટલું કેટલું ગાયું છે ? એણે તો સીમંતનાં ગીતો થી શરૂ કરીને ગર્ભમાં બેઠેલા બાળકને ગીત રસ પીવાડ્યો છે. પૃથ્વી પર પહેલ વહેલા એ બાળકના કાન મંડાયા તે ક્ષણે જ તેમાં માતાના મુખનું જ ગીતામૃત રેડાયું છે. એને નીંદરની લહેરો પણ માતાના હાલરડામાંથી મળી છે. બાળક નાહતું નાહતું પણ માતાની સ્વરધારામાં ભીંજાતું ગયું છે, એની રમતોના

જોડકણા પણ કોઈ અજાણી માતાએ જ રચી દીધેલા હોય છે. એ નિશાળે બેસે, જનોઈ ધારણ કરે, વરે, પરણે અને જગતમાં સંતતિની ભેટ ધરે ત્યારે પણ જનેતાએ જ એના જીવનમાં ગીતોનો અમૃત સિંચ્યો છે. આખર એના મૃત્યુ ઉપર માતાએ જે રુદન કર્યું છે, તેમાયે એણે વિલાપનું મર્મ વેદક ગીત મુક્યું છે. જેને જગતે છાજિયા, રાજિયા કે મરસિયા કહીને નિંધ્યા છે તે મૂળ તો માતાના હદયનાં કરુણ વિરહ ગાન નથી તો બીજું શું છે ?

એ જ પ્રમાણે કુટુંબ-સંસાર જુદા જુદા સંબંધો આવા સુરેખ ગીતોમાં ચીતરાઈ ચૂક્યા છે. નણંદ અને ભોજાઇ વચ્ચેની કુદરતી ઈર્ષ્યાખોરી, સાસુ અને વહુ વચ્ચેની ધડાપી? ભાઈ અને બહેન વચ્ચેના હેતપ્રીત, બહેનનું સહજ સહજમાં દુભાય તેવું આખું બનેલું હૈયું, દેરાણી-જેઠાણી વચ્ચેના વાદવિવાદ, સંતતિ વગરની નારી પર વરસતા વાંઝિયા-મહેણાં દીકરાની અબળખા, વસ્ત્રાલંકારોના કોડ વગેરે સેકંડો વાતો તે વખતના સારા અને મીઠા કુટુંબ, ચિત્રની રેખાઓ બનીને રાસડા ઉતરી પડી. ચિત્રો જ આલેખાઈ ગયા. દિવસભર ભોગવેલા જે કઠોર દુઃખો તે રાત્રિએ રાસડાઓમાં નીતરીને મધુર સંવેદના બની ગયા.

લોકસાહિત્ય તો એ જ જેમાં દાખલ થતાં જ લોક-જીવન અને તેની ચોગમ પથરાયેલી કુદરત આપણને એની સુવાસ વડે ઘેરી લે. આ ગીતોની અંદર સમસ્ત લોક સૃષ્ટિ જેવી ને તેવી સજીવન ઉભી છે. લોકગીતમાં પ્રવેશ કરનારો વાચક જાણે કે ગ્રામ્ય જગતનો પ્રવાસી બની જાય છે.

જળાશયો તો લોકજીવનની સમૃદ્ધ દશાના પ્રતિબિંબો પાડતાં ઉભા હોય છે. જળાશય કે નિર્મળા નીરની ચંદણ તલાવડી, આછુડા કુવા, એ કુવાને કાંઠે મહેકતો કેવડો કે સપાટી પર છવાયેલો લીલુડો શેવાળ, વાવમાં હિલોળા લેતા નીર વગેરે દ્રશ્યો લોક-કવિતાની પ્રેરણાનાં ધામો છે. પાદરથી નીકળતો પ્રવાસી એક પલકમાં જ ત્યાં.

સો સો બેડલિયાંની હેલ્યું ચડે

એ નિહાળતાં જ – સો સો બેડલાં ભરી ભરીને શિર પે ચડાવી ચાલી જતી પનિહારીઓને જોતાં જ ગામની તે સમયની આબાદાનીના માપ કાઢી લેતા અને ,

છલકાતું આવે બેડલું, મલકાતી આવે નાર રે,

મારી સાહેલીનું બેડલું

એવું પનિહારી- દ્રશ્ય શ્રમજીવનની સાથે ઓતપ્રોત રહેલી સૌદ્રર્યદ્રષ્ટિ સૂચવી આપે છે. અને પહેલા ખોળાનો ‘ બાવલ બેટડો, ધવરાવતી મહિયરેથી વેલ્યમાં બેસી સાસરે જતી કઈક તરુણ જનેતાઓએ રસ્તામાં પોતાના એ બેટડાને ક્ષીર સરખાં મીઠા નીરમાં સ્નાન કરાવ્યાં હશે તેનું,

દુધે ભરી તળાવડી....નવરાવતી આવે એવું મધુર ચિત્ર આલેખાયું છે. ઘૂમતી ગાગર માથે લઈને પાણી ભરતી કઈક નવ-વધૂઓએ ‘માથડાં દુઃખે’ ‘પગમાં કાંકરી વાગે’ એવી વિનોદભરી ફરિયાદો નોંધાવીને પતિની પાસે લાડ કર્યા હશે.

દામ્પત્ય રંગો રેલાવતા લોકગીત પણ ઓછાં નથી જેમ કે ‘સયાબાનાં  લગ્ન ’ અને ‘ઝેરીકાંટો ’ એ બંને ગીતોમાં શોક્ય પ્રતિની ખીજ વિનોદનું રૂપ ધરીને તંગ લાગણીઓને વહાવી નાખે છે. પોતાના બેવફા કંથનું બુરું થજો, એવું એ દાઝે બળતી બોલતી હોય, પણ એના મનમાં તો ‘ઘણી ખમા ’ ની લાગણી ગુંજે છે. વાલમના પ્રવાસો, રોકવાની આજીજીઓ, વિયોગના બાર-બાર મહિનાની બદલાતી ઋતુઓ દેખી દેખીને એના હૈયામાંથી નીકળતા પોકારો, પતિની ગેરહાજરીમાં તેલ, ફૂલ અને મેદી જેવા વૈભવનો અણગમો, ખાતાં પીતાં ને સૂતાં બેસતાં પતિના સ્મરણો, ઢળી જતી ઝારીઓ, ઝરી જતા કોળિયા અને લળી જતી સેજડીઓમાં

મોર બોલે મધુરી રાત રે
નીદરા નવે રે.
હું તો સુતી તી સેજ પલંગ રે
ઝબકીને જાગી રે.

એવી વિરહાકુલ દશા સૂની સેજલડી અને કુંજલડીની સાથે છૂટતા સંદેશાઓ એ બધા નારી હ્રદયના દર્શન છે. તેની સામે કદી કદી છોગણે આંસુ લોહતો  તો કદી કદી અવળા સવળી ઠોઠ અને ડાબા પગની મોજડી મારતો, કદીક હેતે હેતે પત્નીના હાથના પથ્થરો ખમી લેતો અને વધુ કોપે ભરાય તો વહુના ‘માથડા’ પણ વાઢતો ભરથાર આ લોકગીતોમાં તરવરે છે. તો સાથે સાથે સાસરવાસની જિંદગીએ ઘણી કરુણ ઘટનાઓ જન્માવી છે. તેની છાપ પણ લોકગીતો ઉપર ઉડી પડી છે. સાસરી જીવન સામેની નારી હ્રદયની ચીસ સાદામાં સાદી રીતે કેવી તીક્ષ્ણ વાણીમાં ને જલદ ઢાળમાં નીકળી પડી છે તે જોઈએ તો ,

પિયરીયું અતિ વા’ લું રે, ના મા ,
નૈ જાઉં સાસરીયે રે.

પરંતુ કુટુંબ સંસારના આ નવરંગી ચિત્રોમાંથી સર્વોપરી ચિત્ર તો ભાઈ બહેનના સ્નેહનું છે. પતિનો માર ખાઈને લોહીલોહાણ થયેલી પત્ની પિયર ચાલી આવે ત્યારે ચોરે બેઠેલો દાદોજી, સાંગામાચીએ બેઠેલાં માતાજી અને બેટડો ધવરાવતા ભોજાઇ તો પધારો એવો જ પ્રશ્ન કરે છે કે

કાં રે દીકરી, વગરતેડયાં આવ્યાં જો.

દીકરીને પૂરો શ્વાસ પણ લેવા દીધા વગર, એને સુખદુઃખનાં સમાચાર પણ પૂછ્યા વગર સીધેસીધો આવા પ્રશ્નનો હુમલો શા માટે થાય છે ? એટલા માટે કે માવતરને તો પોતાની આબરૂ વહાલી છે. મૃગલી જેમ શિકારીઓથી ઘેરાય તેમ આવા આક્રમણ વચ્ચે વીંટળાયેલી દીકરી આખરે જયારે ભાઈની પાસે જાય છે. ત્યારે ભાઈ બોલી ઉઠે છે કે,

ભલે રે બેની વગરતેડ્યા આવ્યાં જો.
ઉઠો વહુજી ઉના પાણી મેલો ને.
સેજલને ચોળોને નવરાવો જો.
એ જ રીતે ભોજાઇએ દુભવેલી બહેનને પાછી વાળીને માડી જાયો બોલી ઉઠે છે.

તારી ભાભીને પિયર વળાવું , તમે જન્મારો રિયો
મોહનરાયનું ઝૂમખડું રે.

બાર-બાર વરસ થયાં સાસરીમાં રિબાતી બહેનને મળવા માનો જણ્યો વેલ્યુ જોડીને જાય છે અને પાણી ભરતી બહેન એ વિસરાયેલા વીરને કેવી રીતે ઓળખી કાઢે છે એની વાત, અને પછી તો ભાઈનાં સ્વાગત, ભાઈની પથારી, આખી રાત એ પથારી પાસે બેસીને અંતરની કોથળી ઉઘાડી કરેલી સુખ દુઃખની વાતો, વેદનાભર્યા વિરે બહેનને પોતાના સાસરિયા છોડીને પોતાની સાથે ચાલવા કરેલી વિનવણી-ભોજાઇનાં ભયથી બહેને પાડેલી ના વીરાને ભેટીને પછી દુઃખિયારી બહેને નદીમાં કરેલા આપઘાત કોઈ કાવ્યની અંદર વળી સાસુડીએ કે 'નણદી જહોદણી' એ વીર બાંધવને કરાવેલાં વિષપાન, બહેનીભાઈનાં ધ્રુસકે ધ્રુસકે રુદન. વગેરેથી આખો ઈતિહાસ અશ્રુભીંજ્યો છે. એમાંથી જ સ્વ. બોટાદકરનું 'ભાઈબીજ' સારી પડ્યું ભાસે છે.

માતા પોતાના સંતાનને વ્હાલ કરતા કોમલ તો બીજું પ્રયોજન એ પણ હોઈ શકે કે માતાનો તો બાળક પ્રતિનો પ્રેમ ઠાલવવો છે.તેને પોતાની આશા, આકાંશા અને જીવન વેદના પણ વ્યક્ત કરતી હતી. બાળક વિશેનો મહિમા ગાવો હતો તેથી જ આ પ્રકારના હાલરડામાં પંક્તિઓ લાંબી શબ્દ રચના સંસ્કારી અને સુર જમાવટ અધિક રસમય બની જેવા કે,

‘તમે મારા દેવનાં દીધેલ છો
તમે મારા માગી લીધેલ છો
આવ્યાં ત્યારે અમર થઈને રો.

આ ઉપરાંત ઋતુ સત્કારનાં જોડકણા બાળકોની કલ્પનાશક્તિને જાણે કે કુદરતની સાથે સંધાડી દેવાનાં કાવ્ય-સાધનો હતા. શેરીનું છોકરું એની રીતે ઋતુ સન્માન કરતુ કે,

આવ રે વરસાદ
ઘેવારીયો પરસાદ
ઉની ઉની રોટલી ને કારેલાનું શાક
મેઘ મેઘ રાજા !
દિવાળીના બાજરા તાજા

સાથે સાથે રાતે બાળકો ટોળો મળી દાદીમાની ગોદમાં બેસે. પછી સામ સામાં ઉખાણા નાખે. એક પક્ષ આહ્વાન કરે.

‘ લંકાની દોણી લાવી આપો જોઉં !

બીજો પક્ષ ઉત્તર આપે

રાતાં બગલાં રણે ચડ્યાં,
પાણી દેખી પાછાં વળ્યાં,
એક બગલાની ભાંગી કોણી
લાવ્યા રે લંકાની દોણી !

ઉપર જોયું એ પ્રમાણે આવા તો અનેક લોકગીતોને તેમણે માણ્યા છે અને લોકો સુધી પહોચાડ્યા છે.અને એટલે જ કહી શકાય કે લોકસાહિત્ય સાથેનો લોહીનો સબંધ તે ભૂમિ સાથેના હૃદયના જોડાણનું નિર્વહન કરે છે. લોકસાહિત્યની ઉધ્ધારક પ્રવૃત્તિ કાજે સોરઠનો ખૂણો ખૂણો ખુદી અને વ્યક્તિ એ વ્યક્તિએ મળી પરંપરાને તેઓએ સાચવી જાણી છે.

લોકસાહિત્ય અને પ્રાદેશિક સાહિત્ય પરસ્પર અવિનાભાવી સબંધ ધરાવે છે. ચર્ચાનો મુદ્દો એ છે કે પહેલા ઈંડું કે મુરઘી ? પરંતુ એક વસ્તુ એ સ્પષ્ટ થાય છે કે મેઘાણીના પ્રાદેશિક સર્જન માટે લોકસાહિત્યની ભૂમિકા જવાબદાર છે. અલબત લોકસાહિત્યનાં મૂળપ્રાદેશિક સાહિત્યમાં જોઈ શકાય. નિજ ધરતીની સોઢમ તેમાંથી પ્રગટે છે.અને એટલે જ સૌરાષ્ટ્રની ખમીરવંતી પ્રજાના વ્યક્તિત્વને શબ્દબદ્ધ કરવાનું શ્રેય અવશ્ય મેઘાણીને ફાળે જાય છે. આ ધરતીના ધાવણને એમણે શબ્દબદ્ધ કર્યું છે. પંજાબી ભાષાનાં સાહિત્યકાર દેવેન્દ્ર સત્યાર્થીએ શ્રી મેઘાણીની આ ક્ષેત્રની સેવાઓની પ્રશંસાયુક્ત નોધ લેતા લખ્યું છે કે, "લોકમાનસ, લોકજીવન અને લોકસાહિત્યની એકાગ્ર નિષ્ઠાથી ભક્તિ કરનાર મેઘાણીનો જોટો ગુજરાતમાં જ શું હિન્દુસ્તાનમાં પણ મળવો મુશ્કેલ છે. "

**<u>સંદર્ભગ્રંથો</u>**


- રઢિયાળી રાત– સંપાદન ઝવેરચંદ મેઘાણી
- અર્વાચીન ગુ.સા.નો ઈતિહાસ – ડૉ. રમેશ એમ ત્રિવેદી
- લોકસાહિત્ય – ઝવેરચંદ મેઘાણી